

## કોમ્પ્યુટર બ્રાન્ચનું વર્તમાન

તાજેતરમાં ફેસબુક અને માઇક્રોસોફ્ટના એક્સપર્ટની ચર્ચામાં એવી વિગતો બહાર આવી હતી કે દુનિયામાં ચાર લાખ કોમ્પ્યુટર પ્રોગ્રામરોની જરૂરિયાત સામે માત્ર એક લાખ મળે છે. ભવિષ્યમાં તકો સતત વધતી રહેવાની છે. કોમ્પ્યુટર ઇજનેર બન્યા બાદ વિદ્યાર્થીઓ કોઇપણ આઇઆઇટી કે અન્ય સંસ્થાઓમાં પ્રવેશ લઇને એમ.ટેક અને પછી પી.એચડી સુધીનો અભ્યાસ કરી શકે છે. કોમ્પ્યુટરમાં બે રીતે વિદ્યાર્થીઓ આગળ વધી શકે છે એક તો રિસર્ચ પ્રોગ્રામિંગ અને નેટવર્કિંગ એન્જિનિયરિંગ. અભ્યાસ પૂરો કર્યા પછી માઇક્રોસોફ્ટ, ઓરેકલ, ગુગલ, ફેસબુક, ફ્લીપકાર્ડ, એમેઝોન સહિતની મલ્ટિનેશનલ કંપનીઓમાં સારા પગારથી નોકરીઓ મેળવી શકે છે. અભ્યાસ પછી વિદ્યાર્થીઓ વ્યક્તિગત અથવા તો એક કરતાં વધુ વિદ્યાર્થીઓ ભેગા મળીને બિઝનેસ પણ શરૂ કરી શકે છે.

**પ્રો. અંકિત દેસાઈ** | પ્રોફેસર, સિલ્વર ઓક એન્જિનિયરિંગ કોલેજ

## આઈ.ટી. બ્રાન્ચનું વર્તમાન



કોમ્પ્યુટર અને આઈ.ટી બ્રાન્ચમાં કેટલીક સામ્યતા રહેલી છે. હાલ કોમ્પ્યુટરનો જમાનો શરૂ થયો છે. પાંચ વર્ષ પહેલા ઇન્ટરનેટ અને સ્માર્ટફોન બહુ ઓછા લોકો ઉપયોગ કરતાં હતા. હવે મોટી સંખ્યામાં લોકો તેનો ઉપયોગ કરતાં થયા છે. આગામી દિવસોમાં કદાચ ઘરે ઘરે ઇન્ટરનેટ અને સ્માર્ટફોન રોજિંદા ઉપયોગમાં લેવાતા થશે. આ ઇન્ટરનેટ અને સ્માર્ટફોન માટેની એપ્લિકેશન માટે આઈ.ટી. ઇજનેરોની જરૂરયાત ઊભી થતી હોય છે. આજ રીતે હાલ સોશિયલ નેટવર્કિંગ વધી રહ્યું છે. અવનવી ગેમ્સ પણ બજારમાં આવી રહી છે. આ તમામ માટે નવી નવી એપ્લિકેશનની જરૂર પડશે તે આઈ.ટી.એન્જિનીયરો પૂરી પાડશે. આઈ.ટીમાં મુખ્ય બે પ્રકારો હોય છે. આઈ.ટી. ડેવલપર્સ અને આઈ.ટી. પ્રોગ્રામર. એપલ સહિતની તમામ કંપનીઓ દિવસે દિવસે કોમ્પ્યુટર અને ફોન સહિતની ચીજ-વસ્તુઓમાં નવા નવા મોડલો લાવી રહ્યા છે. આ ઉપરાંત ગુજરાતમાં પણ નવા નવા ઈન્ડસ્ટ્રીઝ ઝોનને વાઈફાઈ સુવિધાઓ આપવાનું નક્કી કરાયું છે. ધીમે ધીમે લોકો સાયબર કાફેમાં જતા તેના બદલે હવે ઘરે જ નેટ યૂઝ કરતાં થયા છે. જેના કારણે વધુને વધુ આઈ.ટી. પ્રોગ્રામરોની માગ વધશે. દેશમાં રોજની લાખો એપ્લિકેશન ડાઉનલોડ થતી રહે છે તેના માટે પણ આઈ.ટી નિષ્ણાતો જરૂરી છે.

**પ્રો. સાત્વિક ખરા** | એચ.ઓ.ડી., આઈ.ટી., સિલ્વર ઓક કોલેજ

## કોમ્પ્યુટર બ્રાન્ચનું ભવિષ્ય



ભારતમાં હજુ પણ મોટાભાગના લોકો કોમ્પ્યુટર એટલે કે ઘરમાં પડેલું પી.સી. અને મોનિટર એવો અર્થ કરે છે. પરંતુ દુનિયામાં ચાલતી તમામ ઓટોમેટિક વસ્તુ એટલે કે સ્વયંસંચાલિત વસ્તુઓમાં કોમ્પ્યુટરની જરૂર પડે છે. ન્યૂક્લિયર રિએક્ટર સહિતની પ્લાન્ટોમાં માઇક્રો કોમ્પ્યુટરની જરૂર પડતી હોય છે. આપણા દેશમાં કોમ્પ્યુટરનો ઉપયોગ જેટલો થવો જોઇએ તેટલો થયો નથી. જેના કારણે કોમ્પ્યુટર બ્રાન્ચનું ભવિષ્ય ઉજ્જવળ છે અને રહેશે. વિદેશમાં હાલ તમામ ચીજવસ્તુઓ ઉપરાંત રોજબરોજનું જીવન કોમ્પ્યુટર પર આધારિત છે. આપણે ત્યાં પણ ભવિષ્યમાં આ સિસ્ટમ લાગુ થાય તેવી શક્યતા હોવાના કારણે વધુને વધુ કોમ્પ્યુટર એન્જિનિયરોની જરૂરિયાત ઊભી થાય તેમ છે. હાલમાં ધો.૧૨ પાસ કરીને ડિગ્રી ઇજનેરીમાં પ્રવેશ માટે તૈયાર થતાં વિદ્યાર્થીઓએ કોઇપણ પ્રકારની મુંઝવણ વિના અને કોમ્પ્યુટરના ભવિષ્યની ચિંતા કર્યા વિના આ બ્રાન્ચની પસંદગી કરી શકે છે.

**ડો. હેમલ પટેલ** | પ્રોફેસર, સિલ્વર ઓક કોલેજ

# આ બ્રાન્ચનું ભવિષ્ય ઉજ્જવળ છે



એવરગ્રીન અને અનેક વિવિધતા ધરાવતી બ્રાન્ચ છે. હાલ અને ભવિષ્યમાં પણ સોફ્ટવેર એપ્લિકેશન, રેફ્રિજરેશન, ઓટો મોબાઇલ, પાવર પ્લાન્ટ, રોબોટ ઈજનેરી સહિતના અનેક સેક્ટરો વિદ્યાર્થીઓ માટે ખૂલી રહ્યા છે. વિદ્યાર્થીઓ મૂળ બ્રાન્ચમાં બી.ઈ. કર્યા બાદ ઓટો મોબાઇલ્સ, ટેક્સટાઇલ્સ સહિતની બ્રાન્ચોમાં એમ.ઈ. કરી શકતા હોય છે. જીટીયુ દ્વારા આપવામાં આવતા સિલેબસ ઉપરાંત જો કોલેજ પોતાની રીતે વિદ્યાર્થીઓને આ બ્રાન્ચને લગતું બહારનું નોલેજ આપે તો વધારે ફાયદો થાય તેમ છે. જેમ કે અમારી કોલેજમાં વિદ્યાર્થીઓને એક્સ્ટ્રા એક્ટિવિટી કરાવવામાં આવે છે. હાલમાં જે સેક્ટરો ઉપલબ્ધ છે તેના કરતાં ભવિષ્યમાં અનેક નવા સેક્ટરો ખૂલી રહ્યા છે. આ બ્રાન્ચના વિદ્યાર્થીઓએ અભ્યાસ બાદ નોકરી માટે ખોટી હેરાનગતિ ભોગવવી પડતી નથી. દુનિયામાં ગમે તેટલું ડેવલપમેન્ટ થાય પરંતુ પાયાની બ્રાન્ચનું મહત્વ ક્યારેય ઓછું થવાનું નથી. જેના કારણે વિદ્યાર્થીઓએ તેના ભવિષ્ય વિશે શંકા રાખવાની કોઈ જરૂર નથી.

**જે. કે. શાહ** | પ્રોફેસર, સિલ્વર ઓક કોલેજ